# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-06-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## દેશભરના 100 પ્રતિષ્ઠિત 50 સાંસ્કૃતિક સ્થળોએ યોગ દિવ્સની ઉજવણી

સંસ્કૃતિ મંત્રાલય 21મી જૂને દેશભરમાં પ્રવાસન આધારિત 100 પ્રતિષ્ઠિત સ્થળો અને 50 થી વધુ સાંસ્કૃતિક સ્થળો પર યોગ સત્રોનું આયોજન કરીને 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરશે.

દરમિયાન, સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત રાજસ્થાનના જોધપુરમાં ઐતિહાસિક મેહરાનગઢ કિલ્લામાં યોજાનારા યોગ કાર્યક્રમમાં ભાગ લેશે. જે પ્રતિકાત્મક સ્થળોએ યોગ કાર્યક્રમ યોજાશે તેમાં ગુજરાતનાં રાણી કી વાવ અને ધોળાવીરા, કર્ણાટકના હમ્પી અને પત્તાડાકલ, મધ્યપ્રદેશમાં ખજુરાહો અને સાંચી સ્તુપ, ઓડિશાના કોણાર્કના સૂર્યમંદિર, મહારાષ્ટ્રમાં એલિફન્ટા ગુફા અને તામિલનાડના થાંજાવુરમાં બ્રિહદિસ્વરા મંદિરનો સમાવેશ થાય છે.

**---------------------------------------------------------------------------------**

## ઇઝરાયેલમાંથી ભારતીય નાગરિકોને સ્વદેશ લાવવા : ઓપરેશન સિંધુ

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને પગલે ભારત સરકારે ઓપરેશન સિંધુના ભાગરૂપે ઇઝરાયેલમાંથી ભારતીય નાગરિકોને સલામત સ્વદેશ લાવવાનો નિર્ણય લીધો છે. એક નિવેદનમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઇઝરાયલ છોડવા ઈચ્છતા ભારતીય નાગરિકોને જમીન સરહદો દ્વારા અને ત્યારબાદ હવાઈ માર્ગે ભારત આવવાની સુવિધા આપવામાં આવશે.

તેલ અવીવમાં ભારતીય દૂતાવાસમાં ચોવીસ કલાક ચાલતો નિયંત્રણ કક્ષ સ્થાપિત કરવામાં આવ્યો છે. ભારતીય નાગરિકો + 972 54-7520711 અને + 972 54-3278392 પર દૂતાવાસનો સંપર્ક કરી શકે છે.

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના DNA નમૂના મેચ

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 215 મૃતકના **DNA** નમૂના મૅચ થયા છે. જ્યારે 198 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું કે 11 લોકો બીજા મૃતદેહ મળે તેની રાહ જોઈ રહ્યા છે. અત્યાર સુધી જેના મૃતદેહ સ્વજનોને સોંપાયા છે તેમાં 142 ભારતીય, 32 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડિયન અને 7 અન્ય સ્થાનિકોનો સમાવેશ થાય છે.

---

## ગુજરાત વિધાનસભાની બે બેઠકોની પેટા ચૂંટણીનું ચિત્ર

ગુજરાત વિધાન સભાની બે બેઠકો માટેની પેટા ચૂંટણીનું મતદાન એકંદરે શાંતિ પૂર્ણ રીતે પૂરું થયું છે. ગઇકાલે સાંજે છ વાગ્યા સુધીમાં વિસાવદરની બેઠક ઉપર 54.61 ટકા જ્યારે કડીની બેઠક ઉપર 54.49 ટકા મતદારોએ પોતાના મતાધિકારનો પ્રયોગ કર્યો હોવાના અહેવાલ છે. વિસાવદર બેઠક પર 16 જ્યારે કડીની બેઠક પર 8 ઉમેદવારોનાં ભાગ્ય ઇવીએમમાં સીલ થયાં છે. બન્ને બેઠકોની પેટા ચૂંટણીની મત ગણતરી 23 મી સોમવારે થશે. દરમિયાન ગુજરાતમાં ગ્રામ પંચાયતો માટેની 22 મીએ થનાર ચૂંટણી માટે ના જાહેર પ્રચાર પર આજે સાંજથી પરદો પડી જશે

---

## યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

મહેસાણા જિલ્લાના વડનગરમાં રાજ્યકક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. આ સામૂહિક યોગ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાશે. આ વર્ષે તાના-રીરી ગાર્ડન ખાતે ભુજંગાસનમાં નવો વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય ગુજરાતે રાખ્યુ છે.

“યોગ ફોર વન અર્થ-વન હેલ્થ”ની થીમ અને રાજ્યમાં “સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત”ના ધ્યેય સાથે યોગ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી થશે. જેમાં 17 મહાનગરપાલિકા-નગરપાલિકા, 18 હજાર 226 ગ્રામ પંચાયતો, 251 તાલુકા પંચાયતો, શાળા-કોલેજો, 6 હજાર 500 આરોગ્ય કેન્દ્રો, ૩૩ જિલ્લાઓના પોલીસ મુખ્યાલય, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અને 100 જેટલા અમૃત સરોવરના સ્થળોએ સામૂહિક યોગ સાધના કાર્યક્રમો યોજાશે.

આ વર્ષે રાજ્યભરમાંથી અંદાજે ૧ કરોડ ૫૦ લાખથી વધુ નાગરિકોની સહભાગીતાથી યોગ દિવસ ઉજવાશે.

---------------------------------------------------------------------------------------------

## જિલ્લાકક્ષાની યોગ દિવસની ઉજવણી

કચ્છમાં જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી સ્મૃતિવન ભુજ ખાતે કરવામાં આવશે. કલેક્ટર આનંદ પટેલે વિવિધ તૈયારીઓ અંગે કચ્છમાં આવેલી વિવિધ સંસ્થાઓ અને એનજીઓના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં કલેક્ટરે યોગ દિવસની ઉજવણીમાં મહત્તમ સહયોગ આપવા અને જનજન સુધી પ્રચાર પ્રસાર કરવા અંગે સૂચન કર્યું હતું. જિલ્લાકક્ષાની ઉજવણી ઉપરાંત તાલુકાકક્ષાની ઉજવણીમાં પણ વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને એનજીઓ સહભાગી થાય તેમ તેમણે ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને ઇંગ્લેન્ડની ટીમો વચ્ચેની પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ક્રિકેટ મેચ આજથી લીડ્સનાં હેડિંગલે મેદાન પર શરૂ થશે. ભારતીય ટીમનું સુકાની પદ શુભમન ગિલ

પ્રથમવાર સંભાળશે, જ્યારે ઇંગ્લેન્ડના સુકાની બેન કિંગ્સ છે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે  અઢી વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------------------------------------

## કૈલાશ માનસરોવર યાત્રાનો આજથી પ્રારંભ

આજથી શરૂ થઈ રહેલી કૈલાશ માનસરોવર યાત્રા માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે. રાજ્યપાલ ઓમપ્રકાશ માથુર આજે નાથુલા પાસ ખાતે યાત્રાને લીલી ઝંડી બતાવી રવાના કરશે.

-----------------------------------------------------------------------------------------------